પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

# "કરફ્યુ હુકમ"

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

નંબર-વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/૧૦૨/ ૨૦૨૧. તા.૧૩/૦૮/૨૦૨૧

## સુધારા હુકમ નં-૦૨

વંચાણે લીધા:- ૧. ગુજરાત સરકાર ગૃહવિભાગના પત્ર ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨-A તા.૧૨/૦૮/૨૦૨૧ તથા,

૨. અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક: નંબર-વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/૧૦૨/ ૨૦૨૧. તા.૩૦/૦૭/૨૦૨૧ આધારે.

રાજ્યમાં ચાલી રહેલ COVID-19 સંક્રમણની બાબતે ધ્યાને લેતાં રાજ્ય સરકાર ગૃહ વિભાગના તા.૨૯.૦૭.૨૦૨૧ ના હુકમ ક્રમાંક : વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨-A થી અમદાવાદ શહેર સહિત રાજ્યના ૮ શહેરો માટે તા.૧૨/૦૮/૨૦૨૧ સુધી તથા હુકમ ક્રમાંક : વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨-Bથી સમગ્ર રાજ્ય માટે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી કેટલાક નિયંત્રણો અમલમાં મુકવામાં આવેલ છે.જે આધારે અત્રેની કચેરીના જાવક પત્ર ક્રમાંક નંબર-વિ.શા/ જાહેરનામું/એ-સેકશન/૧૦૨/૨૦૨૧ થી અમદાવાદ શહેરમાં તા.૩૧/૦૭/૨૦૨૧ ના રાત્રિના ૧૧.૦૦ કલાક થી તા.૧૭/૦૮/૨૦૨૧ ના સવારના ૦૬.૦૦ કલાક સુધી રાત્રિ કરફ્યુ તથા કેટલાક નિયંત્રણો અમલમાં મુકવાનો નિર્ણય લેવામાં આવેલ,

સદર જાહેરનામાના પારા નં-૪ (H) ની જોગવાઇ અનુસાર તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમોમાં તેમજ ધાર્મિક સ્થળોમાં કોરોના ગાઇડ લાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. ને આધીન, ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યક્તિઓ પરંતુ, બંધ સ્થળોએ જગ્યાની ક્ષમતાના ૫૦ % (મહતમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે, પરંતુ ગૃહ વિભાગના ઉકત હુકમથી હાલમાં દેશમાં સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે અમૃત મહોત્વની ઉજવણી કરવામાં આવી રહેલ છે. તે બાબત લક્ષમાં લેતાં રાજ્ય સરકાર દ્વારા યોજાનાર આગામી સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે નીચે મુજબનો નિર્ણય કરેલ હોય જેથી અત્રેની કચેરીના જાવક પત્ર ક્રમાંક નંબર-વિ.શા/ જાહેરનામું/એ-સેકશન/૧૦૨/૨૦૨૧ થી બહાર પાડેલ જાહેરનામામાં નીચે જણાવ્યા મુજબનો નિર્ણય કરવામાં આવેલ છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, આગામી સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક નંબર-વિ.શા/જાહેરનામું/એ-સેકશન/૧૦૨/૨૦૨૧ તા.૩૦/૭/૨૦૨૧ ના જાહેરનામાના મુદ્દા નં-૪(H) માં નીચે મુજબનો ફેરફાર થવા હુકમ કરૂ છું;

૧. તા.૧૫ મી ઓગસ્ટ-૨૦૨૧ ના રોજ અમદાવાદ શહેરમાં જિલ્લા કક્ષાના સરકારી ધ્વજવંદન કાર્યક્રમમાં ૧૦૦૦ વ્યક્તિઓની મર્યાદા અને તે અન્વયે તા.૧૪મી ઓગસ્ટ-૨૦૨૧ ના રોજ યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમમાં મહત્તમ ૫૦૦ વ્યક્તિઓની મર્યાદા નિયત કરવામાં આવે છે.

૨. આ કાર્યક્રમો દરમિયાન કોરોનાની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોંધ:- બાકીની અન્ય જોગવાઇઓ તથા નિયંત્રણો અત્રેની કચેરીના જાવક પત્ર ક્રમાંક નંબર-વિ.શા/જાહેરનામું/ એ-સેકશન/૧૦૨/૨૦૨૧ તા.૩૦/૦૭/૨૦૨૧ તથા સુધારા હુકમ નં-૦૧ તા.૦૧/૦૮/૨૦૨૧ માં જણાવ્યા મુજબના યથાવત રાખવામાં આવે છે.

## -:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

## -:શિક્ષા:-

આ હુકમના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની કલમ ૧૮૮ તથા THE DISASTER MANAGAMENT ACT- 2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ હેઠળ સજાને પાત્ર થશે.

## -:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે THE EPIDEMIC DISEASES ACT-1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની કલમ ૧૮૮ તથા THE DISASTER MANAGAMENT ACT-2005 ની જોગવાઇઓ હેઠળ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૩/૦૮/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.

(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિ.શ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૨) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.સબ.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિ.શ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)